**.................................................................ના ઉપયોગ અર્થે**

<u>અગ્રતા ક્રમ</u> **: ૨૧**

<u>વિભાગ **:**</u>ઉધોગ અને ખાણ વિભાગ

<u>તારાંકિત પ્રશ્ન ક્રમાંક **:**</u>૧૫/૪/૧૭૨૬

<u>વિધાન સભા ગૃહમાં જવાબ આપવાની તારીખ **:**</u> **- ૨૭/૦૨/૨૦૨૪**

<u>**ગુજરાત વિધાનસભા:**</u>૧૫ મી વિધાનસભાનુ ચોથુ સત્ર.

<u>**પ્રશ્ન નું શિષર્ક :**</u>ધોળાવીરા હડપ્પન સ્થળ ખાતે પ્રવાસીઓને રહેવાની સગવડ

<u>**પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ:**</u>શ્રીમતી માલતી કિશોર મહેશ્વરી તથા તેમનો મત વિસ્તાર : (ગાંધીધામ)

<u>**અગ્રતા ક્રમ :**</u> **૨૧**
<u>**તારાંકિત પ્રશ્ન ક્રમાંક**</u> **: ૧૫/૪/૧૭૨૬**
<u>**પ્રશ્નની વિગત**</u>**: ધોળાવીરા હડપ્પન સ્થળ ખાતે પ્રવાસીઓને રહેવાની સગવડ**

**<u>પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ</u> : <u>શ્રીમતી માલતી કિશોર મહેશ્વરી (ગાંધીધામ)</u>**

| ક્રમ નં | પ્રશ્નની વિગત | પાન નં |
|---|---|---|
| ૧ | તારાંકિત પ્રશ્ન | |
| ૨ | વિધાનસભાને આપેલ જવાબ | |
| ૩ | પુરક માહિતી | |
| ૪ | પ્રશ્ન ૧) ધોળાવીરા પ્રવાસી સુવીધાના વિકાસ ની વિવિધ કામગીરી માટે માસ્ટર પ્લાન બનાવવામાં આવેલ છે ? | |
| ૫ | પ્રશ્ન ૨) કચ્છ જિલ્લાના ધોરડો ખાતે તાજેતરમાં પૂર્ણ કરવામાં આવેલ મહત્વના પ્રોજેકટની વિગત જણાવશો? | |
| ૬ | પ્રશ્ન ૩)કચ્છ જિલ્લામાં આગામી સમયમાંધોળાવીરાની પાસે ધોરડો ખાતે હાથ ધરવામાં આવનાર અતિ-મહત્વના પ્રોજેકટની વિગત જણાવશો? | |
| ૭ | પ્રશ્ન ૪) કચ્છ જિલ્લામાં આગામી સમયમાં હાથ ધરવામાં આવનાર પ્રોજેકટની ટૂંકમાં વિગત જણાવશો? | |

**અગ્રતા ક્રમાંક :**૨૧

**પુરક માહિતી**

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: **૧૫/૪/૧૭૨૬**

વિષય: **ધોળાવીરા હડપ્પન સ્થળ ખાતે પ્રવાસીઓને રહેવાની સગવડ**

પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રી નું નામ: **શ્રીમતી માલતી કિશોર મહેશ્વરી (ગાંધીધામ)**

## ધોળાવીરાનું મહત્વ

ધોળાવીરા ખાતે હડપ્પન સંસ્કૃતિના આવષેશો મળી આવેલ છે.ધોળાવીરાએ પ્રાચીન મહાનગર સંસ્કૃતિનું લુપ્તપ્રાય નગર છે. જે કચ્છના ભચાઉતાલુકાના ખદિર બેટ વિસ્તારમાં આવેલું છે.પુરાતત્વ વિભાગ ની જાણકારી અન્વયે આ સંસ્કૃતિ પાંચ હજાર વર્ષ જૂની છે અને એ વખતે લગભગ પચાસ હજાર લોકો આ મહાનગરમાં રહેતા હતા તેવું અનુમાન છે. આખું નગર, પાણીની વ્યવસ્થા, રાજમહેલ કે પ્રાંતના મહેલની રચના, લોકોની રહેણી કરણી વગેરે જોવા જેવું છે. સ્થાનિક લોકો ધોળાવીરાને કોટડો કે કોટડાટિંબા તરીકે ઓળખે છે. મૂળ તો આ સ્થળ ધોળાવીરા ગામની નજીક આવેલું હોવાને કારણે તેનું નામ ધોળાવીરા પડી ગયું છે. ૧૯૬૭-૬૮ના અરસામાં ભારતીય પુરાતત્ત્વવિદ્ જગતપતિ જોષીએ આ સ્થળની મુલાકાત લઈ પ્રથમ વખત તેની માહિતી જાહેર કરી હતી. તે એરિયાને વલ્ડ હેરીટેજ સાઈટનો દરજ્જો વર્ષ ૨૦૨૧ મા મળેલ છે. અગાઉ ભારત સરકાર દ્વારા ધોળાવીરાને આઇકોનીક પ્લેસ તરીકે વર્ષ ૨૦૧૯ મા જાહેર કરેલ છે. ધોળાવીરાનું મહત્વ જોતા ત્યાં ખુબજ મોટા પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ આવી રહેલ છે.

ધોળાવીરા સાઇટએ સિંધુ ખીણની સંસ્કૃતિ સાથે સંકળાયેલ ભારતનું સૌથી પ્રખ્યાત પુરાતત્વીય સ્થળ છે. લગભગ ૪૫૦૦ વર્ષ પહેલાંની હડપ્પન સંસ્કૃતિનાબે સૌથી નોંધપાત્ર ખોદકામમાં આ સ્થળ સૌથી મોટું છે.કચ્છના ધોરડો ખાતે રણોત્સવની મુલાકાત લેનાર પ્રવાસીઓ ધોળાવીરાની મુલાકાત અચૂક લેતા હોય છે. દેશ-વિદેશના પ્રવાસીઓના પ્રતિસાદને ધ્યાને રાખી રાત્રી રોકાણની સુવિધા અર્થે ૪૧ જેટલા કોટેજીસનું નિર્માણ કરવાનું આયોજન કરવામાં આવેલ અને ગુ.પ્ર.નિ.લિ. હસ્તકની આ જમીન પર પીપીપી પરીયોજના અંતર્ગત કુલ ૬૨૭૩ ચો.મી.ના વિસ્તારમાં પારદર્શક ટેન્ડર પ્રક્રિયા થકી ૧૫ વર્ષ માટે પીપીપી ધોરણે વાર્ષિક રૂ.૫,૫૧,૦૦૦/- ના વાર્ષિક ભાડાની આવક સાથે એજન્સી મે. એયાક વેન્ચર્સ પ્રાઈવેટ લિમિટેડ સાથે તા.૩૧/૦૭/૨૦૨૩ના રોજ કરાર પણ કરવામાં આવેલ છે. કુલ ૬૨૭૩ ચો.મી ની અંદર આ સુવિધાઓ વિકસાવવાની કામગીરી

હાલ પ્રગતિ હેઠળ છે. સદર રહેઠાણના વિકાસ અર્થેના પ્રોજેકટની કોસ્ટ ૫ કરોડ છે, જે નિયુક્ત કરેલ એજન્સી દ્વારા જ ખર્ચ કરવામાં આવનાર છે. આગામી ૧૫ વર્ષના લિઝ સમયગાળા દરમિયાન નિગમને રોયલ્ટી સ્વરૂપે પ્રથમ વર્ષથી વાર્ષિક રૂ.૫,૫૧,૦૦૦/- ની આવક થનાર છે જેમાં દર ત્રણ વર્ષે ૧૨ %ના વધારા સાથે એજન્સી દ્વારા નિગમને વાર્ષિક ભાડું ચૂકવવામાં આવશે.

ધોળાવીરા ખાતે હડપ્પન સંસ્કૃતિના અવષેશો મળી આવેલ છે. તે એરિયાને વર્લ્ડ હેરીટેજ સાઇટનો દરજ્જો વર્ષ ૨૦૨૧ મા મળેલ છે. અગાઉ ભારત સરકાર દ્વારા ધોળાવીરાને આઇકોનીક પ્લેસ તરીકે વર્ષ ૨૦૧૯ મા જાહેર કરેલ છે. ધોળાવીરાનું મહત્વ જોતા ત્યાં ખુબજ મોટા પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ આવી રહેલ છે.જે ધ્યાને રાખી રાજ્ય સરકાર દ્વારા ધોળાવીરાને આઇકોનીક સ્થળ તરીકે નક્કી કરીને ધોળાવીરા ખાતે પ્રવાસીઓ માટે અલગ-અલગ સુવિધાઓ વિકસાવવા માટેનું આયોજન કરવામાં આવી રહેલ છે. આમ આ માટે રાજ્ય સરકારશ્રી દ્વારા ધોળાવીરાનો માસ્ટર પ્લાન બનાવવા માટે કન્સલ્ટન્ટ આઈ.એન.આઈ ડીઝાઈનની નિમણુક કરાયેલ કન્સલ્ટન્ટ ધ્વારા બનાવેલ માસ્ટર પ્લાનમાં નીચે મુજબ ના અલગ-અલગ કમ્પોનન્ટ અલગ-અલગ તબક્કામાં આયોજન હાથ ધરવા માટે સમાવેશ કરવામાં આવેલછે જેની વિગત નીચે મુજબ છે.

<u>પેકેજ -૧ મા નીચેમુજબના કમ્પોનેન્ટ છે. (અંદાજીત રકમ રૂ .૬૬.૩૧ કરોડ)</u>

- ધોળાવીરાના પ્રવેશ સ્થળે ડેવલોપમેન્ટ
- ધોળાવીરા એન્ટ્રીથી વર્લ્ડ હેરીટેઝ સાઇટ સુધી રોડ સાઈડ ડેવલોપમેન્ટ
- અરાઈવલ એકસપીરીયન્સ &રોડ સ્ટ્રીટ ડેવલોપમેન્ટ
- તોરણ રિસોર્ટથી એમ્ફિથીએટર તરફના રોડનું ડેવલોપમેન્ટ
- ટેન્ટસીટી માટે ઇન્ફ્રાસ્ટ્રકચર
- રોડ સાઇડ પાથવે
- રોડની સાઈડમાં ગ્રીનરી

<u>પેકેજ -૨ મા નીચેમુજબના કમ્પોનેન્ટ છે. (અંદાજીત રકમ રૂ.૧૦૯.૦૦ કરોડ)</u>

- ટી.એફ.સી
- ક્રાફ્ટ માર્કેટ,
- ફૂડકોર્ટ
- સ્કલપ્ચર પાર્ક,
- કોમન ઇન્ફ્રાસ્ટ્રકચર
- ભુંગા રિસોર્ટ માટે ઇન્ફ્રાસ્ટ્રકચર
- એમ્ફિથીએટર એન્ડ રિલેટેડ સુવિધા

ઉપરોક્ત બે તબક્કા પૈકી પ્રથમ તબક્કાની સૈધ્ધાંતિક મંજૂરી મળેલ છે જેમાં થી પ્રથમ તબક્કાની કામગીરી માટેની ટેન્ડરની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવેલ છે.તથા પ્રથમ તબક્કાની કામગીરી માટે એજન્સીને એલઓઆઈ આપવામાં આવેલ છે .

**અગ્રતા ક્રમાંક :**૨૧

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક :**૧૫/૪/૧૭૨૬

**વિષય: ધોળાવીરા હડપ્પન સ્થળ ખાતે પ્રવાસીઓને રહેવાની સગવડ**

**પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ: શ્રીમતી માલતી કિશોર મહેશ્વરી તથા તેમનો મત વિસ્તાર : (ગાંધીધામ)**

**પુરક પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ: શ્રીમતી માલતી કિશોર મહેશ્વરી તથા તેમનો મત વિસ્તાર : (ગાંધીધામ)**

**(૧) ધોળાવીરા પ્રવાસી સુવિધાના વિકાસની વિવિધ કામગીરી માટે માસ્ટર પ્લાન બનાવવામાં આવેલ છે ? જો હા , તેની વિગતો આપો ?**

જવાબ : હા,

વર્લ્ડ હેરીટેજસાઈટ ધોળાવીરા ખાતે કન્સલ્ટન્ટ દ્વારા માસ્ટરપ્લાન બનાવવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. જેમાં કન્સલ્ટન્ટ ધ્વારા પ્રવાસી સુવિધા ને ધ્યાને રાખી અલગ અલગ ૨ તબક્કામાં કામગીરી હાથ ધરવા માટે નું આયોજન હાથ ધરેલ છે. જેની તબક્કા વાર વિગત આ મુજબ છે.

પેકેજ -૧ મા

- ધોળાવીરાના પ્રવેશ સ્થળે ડેવલોપમેન્ટ
- ધોળાવીરા એન્ટ્રીથી વર્લ્ડ હેરીટેઝ સાઈટ સુધી રોડ સાઈડ ડેવલોપમેન્ટ
- અરાઈવલ એક્સપીરીયન્સ &રોડ સ્ટ્રીટ ડેવલોપમેન્ટ
- તોરણ રિસોર્ટથી એમ્ફિથીએટર તરફના રોડનું ડેવલોપમેન્ટ
- ટેન્ટસીટી માટે ઇન્ફ્રાસ્ટ્રકચર
- રોડ સાઈડ પાથવે
- રોડની સાઈડમાં ગ્રીનરી વગેરે

પેકેજ -૨ મા

- ટી.એફ.સી
- ક્રાફટ માર્કેટ,
- ફૂડકોર્ટ
- સ્કલપચર પાર્ક,
- કોમન ઇન્ફ્રાસ્ટ્રકચર
- ભુંગા રિસોર્ટ માટે ઇન્ફ્રાસ્ટ્રકચર
- એમ્ફિથીએટર એન્ડ રિલેટેડ સુવિધા

ઉપરોક્ત બે તબક્કા પૈકી પ્રથમ તબક્કાની સૈધ્ધાંતીક મંજૂરી મળેલ છે જેમાં થી પ્રથમ તબક્કાની કામગીરી માટે એજન્સીને એલ ઓ આઇ આપવમા આવેલ તથા સદર કામગીરીનુ માનનીય પ્રધાનમંત્રીશ્રી દ્વારા તાજેતરમા ખાતમુહુરત કરવામા આવેલ છે. પેકેજ ૨ અર્થે અંદજિત રુ.૧૦૯.૦૦ કરોડનો એસ્ટીમેટ બનાવવાની કામગીરી પ્રગતીમા છે.

**<u>અગ્રતા ક્રમાંક :</u>**૨૧
**<u>તારાંકિત પ્રશ્ન ક્રમાંક</u>** :૧૭૨૬
**<u>વિષય</u>**: **<u>ધોળાવીરા ખાતે આવતા પ્રવાસીઓ માટે સુવીધા.</u>**
**<u>પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ: શ્રીમતી માલતી કિશોર મહેશ્વરી તથા તેમનો મત વિસ્તાર : (ગાંધીધામ)</u>**
**<u>પુરક પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ: શ્રીકેશુભાઈ પટેલ ( ભુજ)</u>**

**(૨) કચ્છ જિલ્લામાં ધોરડો ખાતે તાજેતરમાં પૂર્ણ કરવામાં આવેલ મહત્વના પ્રોજેકટની વિગત જણાવશો?**

જવાબ : કચ્છ જીલ્લામાં પ્રવાસન નિગમ દ્વારા તાજેતરમાં નીચે મુજબના મહત્વના પ્રોજેકટની કામગીરી કરવામાં આવેલ છે.

- **<u>કચ્છ જીલ્લાના ધોરડો ખાતેના સફેદ રણમાં વોચ ટાવર ઉપર કાયમી ધોરણે લાઈટ અને સાઉન્ડ શો :</u>**

  નિગમ દ્વારા દર વર્ષે સફેદ રણમાં રણ ઉત્સવ દરમિયાન આવેલ પ્રવાસીઓને વધુ આકર્ષણ મળી રહે તથા નાઈટ ટુરિઝમને પ્રાધાન્ય મળી રહે તેને ધ્યાને લઈને ડેકોરેટીવ/ઇનોવેટીવ લાઈટીંગ તથા લાઈટ અને સાઉન્ડ શો માટે નિગમ દ્વારા ધોરડો ખાતેના સફેદ રણમાં વોચ ટાવર ઉપર કાયમી ધોરણે લાઈટ અને સાઉન્ડ શોની કામગીરી હાથ ધરેલ હતી. સદર પ્રોજેકટના મુખ્ય કોમ્પોનન્ટસ જણાવુતો :

  - ૧૮ મિનીટનો લાઈટ અને સાઉન્ડ શો
  - કચ્છનો ઈતિહાસ ઉપર રણ અને ભૂમિની થીમ પર સ્ક્રીપ્ટ
  - વોઈસ ઓવરની કામગીરી
  - પેનલ અને સોફટવેર સીસ્ટમ
  - ૨૫૦ માણસોની બેઠક વ્યવસ્થા

સદર કામગીરી અર્થે કુલ રુ. ૮.૬૦ કરોડનો ખર્ચ કરવામા આવેલ છે. સદર કામગીરીનુ લોકાર્પણ માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા તા.૨૬/૧૨/૨૦૨૩ના રોજ કરવામા આવેલ છે.

**<u>અગ્રતા ક્રમાંક :</u>** ૨૧
**<u>તારાંકિત પ્રશ્ન ક્રમાંક</u>** :૧૭૨૬
**<u>વિષય</u>: <u>ધોળાવીરા ખાતે આવતા પ્રવાસીઓ માટે સુવીધા.</u>**
**<u>પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ: શ્રીમતી માલતી કિશોર મહેશ્વરી તથા તેમનો મત વિસ્તાર : (ગાંધીધામ)</u>**
**<u>પુરક પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ: શ્રી ત્રીકમભાઈ છાંગા ( અંજાર)</u>**

(૩) **કચ્છ જિલ્લામાં આગામી સમયમાં ધોળાવીરા ની પાસે ધોરડો ખાતે હાથ ધરવામાં આવનાર અતિ-મહત્વના પ્રોજેકટની વિગત જણાવશો?**

જવાબ : કચ્છ જીલ્લામાં પ્રવાસન નિગમ દ્વારા તાજેતરમાં ધોરડો નીચે મુજબનો અતિ-મહત્વનો હાથ ધરવામાં આવનાર છે

- **<u>યુનેસ્કો ધ્વારા જાહેર કરાયેલ બેસ્ટ ટુરીઝમ વિલેઝ ધોરડો ખાતે નવીન ટેન્ટસીટી</u>**

કચ્છ જિલ્લામા ગુજરાત પ્રવાસન નિગમ દ્વ્રારા દર વર્ષે રણ ઉત્સવની ઉજવણી કરવામાં આવે છે. જેમાં આંતરરાસ્ટ્રીય તથા રાષ્ટ્રીય પ્રવાસીઓ ખુબજ પ્રમાણમા આવે છે. **યુનેસ્કો ધ્વારા જાહેર કરાયેલ બેસ્ટ ટુરીઝમ વિલેઝ ખાતે પ્રવાસીઓ ને** વધુને વધુપ્રમાણમા સુવિધાઓ મળી રહે તે **હેતુથી નીચે મુજબના કમ્પોનેન્ટની કામગીરી હાથ ધરવા માટેનું આયોજન હાથ ધરેલ છે.**

- મધ્યમ/ઓછીઆવક વાળા વર્ગ માટે અંદાજે 800 માણસની કેપેસિટી ની ડોર-મેટરી
- કોન્ફરન્સ તથા ઇવેન્ટ માટે ૩૦૦૦ માણસની કેપેસીટીનુંકન્વેશન સેન્ટર
- નવીન પ્રીમિયમ તથા ડીલક્ષ કુલ ૪૫૦ ટેન્ટ
- વાઈટ રણ તરફ વ્યુ મળી રહેતે હેતુસર નવીન પી.એમ. તથા સી.એમ.કલસ્ટર ટેન્ટ
- ટેન્ટ સીટી તથા અન્ય કામગીરી માટે ઇન્ફ્રાસ્ટ્રક્ચરની કામગીરી
- ટેન્ટ સીટી માટે આંતરિક રોડ તથા રોડ સાઈડ ડેવલોપમેન્ટની કામગીરી

ઉપરોક્ત સુવિધાઓ વિકસાવવા માટેનું આયોજન કરવામાં આવી રહેલ છે.

**વધારાની માહીતી :** આમ આ માટે રાજ્ય સરકારશ્રી દ્વારા કન્સલ્ટન્ટન પારેખ એસોસીએટ ની નિમણુક કરી દેવામાં આવેલ છે.તથા કામગીરી માટે નું ટેન્ડર પણ કરવામાં આવેલ છે.